જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૪/૨૦૨૧ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૭૩૦/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૪/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૪૦૭	૩	૧૧૪૧૦	૧૭૫૨૭	૩	૧૭૫૩૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૭	૧	૪૭૦૮	૬૨૩૪	૯	૬૨૪૩
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૭૭	૦	૭૭	૨૮૭	૦	૨૮૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૩૭૮૪૧	૩૮૨	૩૮૨૨૩	૩૯૦૨૨	૩૭૭	૩૯૩૯૯
કુલ		૫૪૦૩૨	૩૮૬	૫૪૪૧૮	૬૩૦૭૦	૩૮૯	૬૩૪૫૯

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૯	૭૬,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨૮૨	૨૨,૮૨,૦૦૦/-

રામોલ પોલીસ સ્ટેશન :

રામોલ પોલીસ સ્ટેશન ખાતે કોરોનાથી સંક્રમીત પોલીસ કર્મીઓ માટે લાઈફ સેવીંગ સપોર્ટ સીસ્ટમ (ઓક્સિજન) વાળા બેડ સહીત સાત બેડ ની સુવીધાયુક્ત આઈસોલેશન રૂમ કાર્યરત કરાયો

માનનીય પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સેક્ટર-૨ સાહેબ તથા ડીસીપી શ્રી ઝોન-૫ સાહેબ તેમજ એસીપી શ્રી "આઈ" ડીવીઝન નાઓ તરફથી સુચનાઓ મળેલ કે હાલમા કોરોના સંક્રમણ વધી રહેલ છે તેને ધ્યાનમાં રાખી પોલીસ કર્મીઓ કોરોના સંક્રમીત ન થાય તે માટે તકેદારીના પગલા લેવા તેમજ સંક્રમીત થયેલ પોલીસ કર્મીઓ માટે યોગ્ય સારવાર મળી રહે તે માટે ઉપાયો કરવા જે અનુસંધાને રામોલ પોલીસ સ્ટેશન ખાતે સર્વેલન્સ ઓફીસની ઉપર સાત બેડ ની સુવીધા યુક્ત અને લાઈફ સેવીંગ સપોર્ટ સીસ્ટમ (ઓક્સિજન) ની સુવીધાવાળા આઈસોલેશન વોર્ડ શરૂ કરવામાં આવેલ છે. જેમા પાંચ બેડ કોરન્ટાઈન થયેલ કર્મી માટે તેમજ બે બેડ ઓક્સિજન સપોર્ટ મળી રહે તેવી સુવીધાવાળા ચાલુ કરવામાં આવેલ છે.

- **સુવીધાઓ:**
- આ આઈસોલેશન રૂમમાં દાખલ સંક્રમીત પોલીસ કર્મી માટે એક મેડીકલ ઓફીસર દરરોજ દીવસના ત્રણ વખત વિઝીટ કરી તેમની સારવાર તેમજ ઉપચાર કરશે.
- આ ઉપરાંત પલમોલોજીસ્ટ તેમજ એમ.ડી ફીજીસીયન સાથે ડીઝીટલ માધ્યમથી સંવાદ કરી વિશેષ ઉપચાર થઈ શકે તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે.
- સંક્રમીત પોલીસ કર્મીઓને શારીરીક તપાસણી માટેના વિવિધ સાધનો વિકસાવવામાં આવેલ છે જેમ કે **ઓક્સિમીટર તેમજ બ્લડ પ્રેસર મશીન તેમજ ટેમ્પરેચર ગન તેમજ ડાયાબીટીસ પેસન્ટ માટે સુગર માપન મશીન રાખવામાં આવેલ છે**.
- સંક્રમીત પોલીસ કર્મીઓ માટે આયુર્વેદીક ઉપચારથી સારવાર મળી શકે તે માટે **સવાર સાંજ ઉકાળા અને નાસ માટેની વ્યવસ્થા તેમજ આયુર્વેદીક દવાઓ** પણ ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- સંક્રમીત પોલીસ કર્મીઓને શુધ્ધ અને ગરમ ભોજન મળી રહે તે માટે સવારે ચા-નાસ્તો તેમજ બપોર અને રાત્રીના ભોજનની સુવીધા પોલીસ સ્ટેશન તરફથી કરવામાં આવેલ છે.
- આઈસોલેશન રૂમને દરરોજ સેનેટાઈઝ કરી ડીસઈન્ફેક્ટેડ કરી આરોગ્યપ્રદ વાતાવરણ જાળવી રાખવામાં આવશે.

- જો કોઈ સંક્રમીત પોલીસ કર્મીની તબીયત લથડે અને તેને હોસ્પીટલ શીફ્ટ કરવાનો સંજોગ ઉભા થાય તો પોલીસનુ એક વાહન ચોવીસ કલાક માટે ઉપલબ્ધ રાખવામાં આવેલ છે જેથી દર્દીને તાત્કાલીક હોસ્પીટલ ખાતે સમય મર્યાદામાં દાખલ કરી શકાય.
- કોરોના સંક્રમણ દરમ્યાન AMC દ્વારા લાગુ કરવામાં આવેલ સારવારની SOP અંતર્ગત એલોપેથી દવાની કીટ તેમજ ડી હાઈડ્રેશન કે વિશેષ ઉપચારમાં ઉપયોગમાં આવનાર દવાઓ તેમજ ઈન્જેક્શન નો સ્ટોક પણ ઉપલબ્ધ રાખવામાં આવેલ છે.

<u>હેતુ:</u>

- આપણે જાણીએ છીએ કે હાલમાં નવા પ્રકારના લક્ષણો ધરાવતો કોરોના ખુબજ જીવલેણ અને હાનીકારક સાબીત થઈ રહ્યો છે તેવા સંજોગોમાં જો કોઈ સંક્રમીત પોલીસ કર્મીની તબીયત વધુ નાજુક થાય અને તેને હોસ્પીટલ લાઈઝ કરવાના સંજોગો ઉભા થાય ત્યારે અને તેને વેન્ટીલેટરની જરૂરીયાત ઉભી થાય તેવા સંજોગોમાં જ્યા સુધી વેન્ટીલેટર સભર સારવાર ઉપલબ્ધ ન થાય ત્યા સુધી પોલીસ કર્મીનો જીવ બચી રહે અને તેને સતત ઓક્સિજન મળતો રહે તે હેતુ થી આ આઈશોલેશન રૂમ કાર્યરત કરવામાં આવેલ છે.
- ઝોન-૫ અમદાવાદ શહેર ના તમામ પોલીસ સ્ટેશનના કર્મીઓ આ સુવીધાનો લાભ લઈ શકશે.
- જો કોઈ પોલીસ કર્મી ના ઘરે પરીવાર જનોની સંખ્યા વધુ હોય તેવા સંજોગોમાં પરીવારને કોરોના સંક્રમણથી બચાવવા પોતાને અલગ રહેવાની જરૂરીયાત ઉભી થાય તેવા સમયે આ આઈસોલેશન રૂમનો ઉપયોગ કરવો હીતાવહ છે.
- આ લાઈફ સેવીંગ સપોર્ટ સીસ્ટમ વાળો આઈસોલેશન વોર્ડ ઉભો કરવાનો મુખ્ય હેતુ સુવ્યવસ્થીત ઉપચાર અને માનવ જીવન બચાવવાનો છે.










આઈસોલેશન રૂમ
રામોલ પોલીસ સ્ટેશન
અમદાવાદ શહેર.



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૭ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, ૩૬ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૭૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૩૨/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૭૩૩/૨૦૨૧**

વટવા : મંજુલાબહેન વા/ઓ કાભઇ પરમાર (ઉ.વ.૪૨)(રહે. હોમગાર્ડ ઓફિસ પાછળ, વટવા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૪/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગે વટવા ઓમ શાંતિ રાજનિવાસ કન્ટ્રકશન સાઇટ ઉપર પોતાની જાતે ઉઘઇ મારવાની દવા પી લેતા, સારવાર માટે તેમને વાસણા જીવરાજ મહેતા હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૨૩/૦૪/૨૦૨૧ ના કલાક ૭/૩૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એમ.દેસાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
લીસ કમિશનર વતી